Paper Code - 3587

B.A. Semester-III (GEOGRAPHY)
July-September-2021
C.E.-304, POPULACTION GEOGRAPHY

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. ૧૫ વર્ષ કરતાં ઓછી ઉમરનાનો કયા વયજૂથમાં સમાવેશ થાય છે.
   A. યુવાન વયજૂથ B. પૌઢ વયજૂથ C. બાળકોનું વયજૂથ D.વૃધ્ધોનું વયજૂથ
2. યુવાન વયજૂથની વસ્તી કયા દેશમાં સૌથી વધુ જોવા મળે છે.
   A. રશિયા B. ભારત C. જાપાન D. ચીન
3. વસ્તીની સામાજિક લાક્ષણીકતા કઈ નથી.
   A. ભાષા B. ધર્મ C. સાક્ષરતા D. સ્ત્રી-પુરુષ પ્રમાણ
4. વસ્તીની ગતિશીલ લાક્ષણીકતા કઈ છે.
   A. ઉમર B. જન્મ પ્રમાણ C. ભાષા D. જાતિ
5. વસ્તીના અંકવિષયક માહિતીના અગત્યના પ્રાપ્તિસ્થાનો કેટલા છે.
   A. એક B. બે C. ત્રણ D. ચાર
6. કયા વર્ગના લોકો વધુ સ્થળાંતર કરે છે.
   A. સ્ત્રી B.પુરુષ C. બાળક D. વૃધ્ધો
7. ભારતમાં સૌથી ઓછું સ્ત્રી-પુરુષ પ્રમાણ કયા રાજ્યમાં જોવા મળે છે.
   A. કેરલ B. બિહાર C. હરિયાણા D.પંજાબ
8. ગામથી શહેર તરફનું સ્થળાંતર કયા પ્રકારનું છે.
   A. પ્રાદેશિક B. આંતરખંડીય C. અંતરરાષ્ટ્રીય D. ટૂંકા અંતરનું
9. કયા પ્રકારનું સ્થળાંતર સૌથી ઓછું જોવા મળે છે.
   A. ગામથી ગામ B. ગામથી શહેર C. શહેરથી શહેર D. શહેરથી ગામ
10. આબોહવાની દ્રષ્ટીએ કયા પ્રદેશમાં સૌથી વધુ વસ્તી જોવા મળે છે.
    A. સમશીતોષ્ણ કટીબંધીય B. શીત કટીબંધીયC. ઉષ્ણ કટીબંધીય D. વિશુવૃતીય
11. કયા વસવાટી પ્રદેશમાં સૌથી વધુ વસ્તી વસવાટ કરે છે.
    A. પશ્ચિમ એશિયા B. પૂર્વ એશિયા C. દક્ષીણ એશિયાD. આફ્રિકા
12. વસ્તી વિતરણના દક્ષિણ ગોળાર્ધમાં નીચેનામાંથી કયો જમીનખંડ નથી.
    A. દક્ષીણ આફ્રિકા B. ઓસ્ટ્રેલીયા C. દક્ષીણ અમેરિકા D. યુરોપ
13. વસ્તીવિષયક ભૂગોળ ભૂગોળની કઈ વિષયશાખાનો ભાગ છે.
    A. સામાજિક ભૂગોળ B. માનવ ભૂગોળ C. આર્થિક ભૂગોળ D. ભૌતિક ભૂગોળ
14. વસ્તીવિષયક ભૂગોળના પિતા કોણ છે.
    A. જી.ટી. ત્રીવાર્થા B. જ્હોન આઈ. ક્લાર્ક C. ગાર્નિયર D. જેલીન્સિકી
15. વસ્તીની જૈવિક લાક્ષણીકતા કઈ છે.
    A. ભાષા B. સ્થળાંતર C. વ્યવસાય D. ઉંમર
16. જે દેશની ૭૫ ટકાથી વધુ વસ્તી શહેરી વસ્તી હોય ત્યાં કયા પ્રકારનું સ્થળાંતર જોવા મળે છે.
    A. ગામથી થી ગામ B. ગામથી થી શહેર C. શહેર થી શહેર D.ટૂંકા અંતરનું
17. લગ્નને કારણે સ્ત્રીને કરવું પડતું સ્થળાંતર કયા પ્રેરકતત્વને આધારિત છે.
    A. સામાજિક B. રાજકીય C. આર્થિક D. પ્રાકૃતિક
18. કોઈ પ્રદેશમાં વસ્તી વધવાથી થતું સ્થળાંતર કયા પરિબળને આધારિત છે.
    A. સામાજિક B.રાજકીય C.પ્રાકૃતિક D. વસ્તીવિષયક
19. કયા વર્ષને વસ્તીવિષયક ભૂગોળના વિકાસનું મહત્વનું વર્ષ માનવામાં આવે છે.
    A. ૧૯૫૩ B. ૧૯૬૩ C. ૧૮૫૩ D. ૧૮૭૩
20. વસ્તીગીચતા માપવાની સૌથી સરળ પધ્ધતિ કઈ છે.
    A. ગાણિતિક B. આર્થિક C. ખેતીકીય D. વસ્તીકીય
21. ભારતમાં કઈ નદીના કિનારે સૌથી વધુ ગીચવસ્તી જોવા મળે છે.
    A. સતલજ B. નર્મદા C. ગંગા D. કાવેરી
22. "વ્યકિત જે સ્થળે હોય ત્યાં જ તેની ગણતરી કરી લેવામાં આવે" આ કયા અભિગમના ભાગરૂપ છે.
    A. વાસ્તવિક જનસંખ્યા B. વૈધ જનસંખ્યા C. ગતિશીલ જનસંખ્યા D. પારીસ્થીતિક જનસંખ્યા
23. અંકવિષયક માહિતી એકઠી કરવાની પરિવર્તનશીલ પધ્ધતિ કઈ નથી.
    A. જન્મદર B.મૃત્યુદર C. સ્થાનાંતર D. વસ્તીવિતરણ
24. વિશ્વમાં સૌપ્રથમ વસ્તીગણતરી ક્યારે કરવામાં આવી.
    A. ૧૫મી સદીમાં B.૧૬મી સદીમાં C.૧૭ મી સદીમાં D. ૧૮મી સદીમાં

25. નીચેનામાંથી વસ્તી વિતરણ પર અસર કરતુ સામાજિક પરિબળ કયું છે.

A. અક્ષાંશ B. રીતરીવાજો C. વાહનવ્યવહાર D. વનસ્પતિ

26. વસ્તીવિતરણ પર અસર કરતું ઐતિહાસિક પરિબળ કયું છે.

A. યુધ્ધમાં વિજય કે પરાજય. B.ખેતીકીય વિકાસ C.જમીન D. ભાષા

27. સૂકા રણપ્રદેશો વસ્તી વિતરણના કયા પ્રકારના પ્રદેશો છે.

A. વસવાટી B.અનુકુળ C.પ્રતિકુળ D.બિનવસવાટી

28. ભારત કયા વસવાટી પ્રદેશનો ભાગ છે.

A. યુરોપ B.પૂર્વ એશિયા C.મધ્ય-દક્ષિણ એશિયા D.પશ્ચિમ-દક્ષિણ એશિયા

29. ભારતમાં સૌથી ઓછું સ્ત્રી-પુરુષ પ્રમાણ કયા કેન્દ્ર શાસિતપ્રદેશમાં જોવા મળે છે.

A. પાંડુચેરી B. દીવ-દમણ C.દાદરા નગર હવેલી D. દિલ્લી

30. એક દેશમાંથી બીજા દેશમાં થતું સ્થળાંતર કયા પ્રકારનું છે.

A. પ્રાદેશિક B. આંતરખંડીય C. અંતરરાષ્ટ્રીય D. ટૂંકા અંતરનું

31. ભારતમાંથી કેનેડામાં થતું સ્થળાંતર અંતરના આધારે કયા પ્રકારનું છે.

A. ટૂંકા અંતરનું B. આંતરખંડીય C. ઋતુગત D. લાંબા અંતરનું

32. વસ્તીની કઈ લાક્ષણીકતામાં વસ્તીનો પોતાનો કોઈ અંકુશ નથી હોતો.

A. સામાજિક B.આર્થિક C. જૈવિક D. વસ્તીકીય

33. અંતરના આધારે સ્થળાંતરનો પ્રકાર નીચેનામાંથી કયું નથી.

A. ટૂંકા અંતરનું B. લાંબા અંતરનું C. દૈનિક D.મધ્યમ અંતરનું

34. શિક્ષણ માટે થતું રોજનું સ્થળાંતર કયા પ્રકારનું છે.

A. દૈનિક B. વાર્ષિક C. ઋતુગત D. પ્રાદેશિક

35. સ્થળાંતર માટેના આર્થીક પરિબળો કયુ છે.

A. રોજગારી B.ધર્મ C.આબોહવા D.વનસ્પતિ

36. કયા વયજૂથના લોકો સૌથી વધુ પ્રમાણમાં સ્થળાંતર કરે છે.

A. યુવાન વયજૂથ B.બાળકોનું વયજૂથ C.પૌઢ વયજૂથ D. વૃધ્ધોનું વયજૂથ

37. ભારતમાં સૌથી વધુ સ્ત્રી-પુરુષ પ્રમાણ કયા રાજ્યમાં જોવા મળે છે.

A. કેરલ B. બિહાર C.હરિયાણા D. પંજાબ

38. કોઈ પ્રદેશનું રણ પ્રકારની પરિસ્થિતિમાં ફેરવાવાથી થતું સ્થળાંતર કયા પરિબળને આધારિત છે.

A.સામાજિક B.પારીસ્થીતિક C.આર્થિક D. પ્રાકૃતિક

39. પર્વતીય પ્રદેશોમાં થતું ઋતુ પ્રમાણેનું સ્થળાંતર કયા પ્રકારનું છે.

A. દૈનિક B.વાર્ષિક C.ઋતુગત D.પ્રાદેશિક

40. એક ભૂમિખંડમાંથી બીજા ભૂમિખંડમાં થતું સ્થળાંતર કયા પ્રકારનું છે.

A. પ્રાદેશિક B.આંતરખંડીય C. દૈનિક D. મધ્યમ અંતરનું

41. નીચા સ્ત્રી-પુરુષનું મુખ્ય કારણ કયું નથી.

A. સ્ત્રીભ્રૂણહત્યા B.દૂધપીતી કરવી C.સ્ત્રી ઉચનો મૃત્યુદર D.સ્ત્રીસશક્તીકરણ

42. ભારતમાં સૌથી વધુ વસ્તી કયા રાજયમાં જોવા મળે છે.

A. ઉત્તર પ્રદેશ B.કેરલ C. ગુજરાત D. મહારાષ્ટ્ર

43. ભારતમાં સૌથી વધુ વસ્તીગીચતા કયા રાજમાં જોવા મળે છે.

A. ઉત્તર પ્રદેશ B.ગુજરાત C. પશ્ચિમબંગાળ D. અરુણાચલ પ્રદેશ

44. ૬૦ વર્ષ કરતાં વધુ ઉમરનાનો કયા વયજૂથમાં સમાવેશ થાય છે.

A. યુવાન વયજૂથ B.બાળકોનું વયજૂથ C.પૌઢ વયજૂથ D. વૃધ્ધોનું વયજૂથ

45. બાળકોનું અને વૃધ્ધોનું વયજૂથ કોના પર આધારિત હોય છે.

A. યુવાન વયજૂથ B.બાળકોનું વયજૂથ C.પૌઢ વયજૂથ D. વૃધ્ધોનું વયજૂથ

46. મૃત્યુદરમાં ઘટાડો થાય તો કયા વયજૂથની વસ્તીમાં વધારો થશે.

A. યુવાન વયજૂથ B. બાળકોનું વયજૂથ C. પૌઢ વયજૂથ D. વૃધ્ધોનું વયજૂથ

47. કોઈ માહિતીનો બીજીવાર ઉપયોગ કરવામાં આવે તેને શું કહેવાય ?

A. ગૌણ માહિતી B.પ્રાથમિક માહિતી C.વસ્તીગણતરી D.પંચમ માહિતી

48. ભારતમાં આધુનિક વ્યવસ્થિત વસ્તીગણતરી ક્યારે થઈ.

A. ૧૮૭૧ B. ૧૯૭૧ C.૧૯૮૧ D. ૧૮૮૧

49. નીચેનામાંથી વસ્તીવિતરણ પર અસર કરતું પ્રાકૃતિક પરિબળ કયું નથી.

A. આબોહવા B.ભૂપૃષ્ઠ C.વ્યાપાર D.ખનીજ સંપતી

50. ભારતમાં સૌથી ઓછી વસ્તીગીચતા કયા રાજમાં જોવા મળે છે.

A. ઉત્તર પ્રદેશ B.ગુજરાત C.કેરલ D.અરુણાચલ પ્રદેશ